અપીલ અરજી નં.૧૧૮ તા.૧૩–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૩–૫–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) અમારી આરટીઆઈ ની અરજી આઈ.ડી નં.૧૩૭૮ માં જણાવેલ અરજી અંગે થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતિ. મુદ્દા નં.(૨) લિંબાયતઝોન, તથા કલેકટરશ્રીની તપાસ સ્પષ્ટ વર્ણવે છે કે આ બાંધકામની દિવાલ તથા માટી પૂરાણ ગેરકાયદે છે (રાહૂલ રાજ ટેક્ષ. સીટીની) છતાં પત્ર નં.વીઆઈડી –૩૦૪ તા.૭–૫–૧૧ ધ્વારા જણાવો છો કે ફા. પ્લોટ હદ બહાર કોઈ દબાણ કરેલ નથી. તો પેનલ્ટી/ડીપોઝીટ કઈ ખુશીમાં વસુલ લિધેલ છે. વિ. મુદ્દા નં.૧ થી ૬ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૧૩–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૧૮/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૩–૫–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અમારી આરટીઆઈ ની અરજી આઈ.ડી નં. ૧૩૭૮ માં જણાવેલ અરજી અંગે થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતિ. મુદ્દા નં.(૨) લિંબાયતઝોન, તથા કલેકટરશ્રીની તપાસ સ્પષ્ટ વર્ણવે છે કે આ બાંધકામની દિવાલ તથા માટી પૂરાણ ગેરકાયદે છે (રાહૂલ રાજ ટેક્ષ. સીટીની) છતાં પત્ર નં.વીઆઈડી–૩૦૪ તા.૭–૫–૧૧ ધ્વારા જણાવો છો કે ફા. પ્લોટ હદ બહાર કોઈ દબાણ કરેલ નથી. તો પેનલ્ટી/ડીપોઝીટ કઈ ખુશીમાં વસુલ લિધેલ છે. વિ. મુદ્દા નં.૧ થી ૬ની માહિતિ આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૭૨ તા.૧૭–૬–૧૧ થી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વીઆઈડી/૬૪૫ તા.૨૧–૬–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી વીજીલન્સ અધિકારી, કાર્યપાલક ઈજનેર હાઈડ્રોલીક, ઉધનાઝોન તથા લીંબાયતઝોનને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૮૪૮ તા.૧૮–૩–૧૧ થી તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની તા.૩૧–૧–૧૧ પત્રની નકલ, કાર્યપાલક ઈજનેર ડ્રેનેજ વિભાગ–૨ સુરત પત્ર નં.ડીડી–૨/પીબી–૧/ અરજી/ લીંબાયતઝોન /ખાડીપુરાણ/ફા./વશી/૩૧૩૨ ના પત્રની નકલ, વીજીલન્સ વિભાગે કરેલ પત્ર વ્યવહાર વીઆઈડી/૧૭૬૨ અને ૧૭૬૫ તા.૭–૨–૧૧ ના પત્રની નકલ, કાર્યપાલક ઈજનેર લીબાંયતઝોન તરફથી વીજીલન્સ વિભાગને પાઠવેલ પત્ર નં. ૫૧૩ તા.૨૮–૪–૧૧ ના પત્રની નકલ, વીજીલન્સ વિભાગે અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વીઆઈડી/૧૧૦ તા.૧૩–૪–૧૧ ના પત્રની નકલ, વીજીલન્સ વિભાગે અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વીઆઈડી/૩૦૪ તા.૭–૫–૧૧ ના પત્રની નકલ, અરજદારની તા.૨૧–૪–૧૧ ની અરજીની નકલ, અત્રેથી કરવામાં આવેલ હુકમ નં.આરટીઆઈ સેલ/૩૩૬ તા.૧૩–૬–૧૧ ના હુકમની નકલ, વીજીલન્સ વિભાગે અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વીઆઈડી/૫૪૫ તા.૧૦–૬–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૩–૫–૧૧ ની અરજીથી રાહુલરાજય ટેક્ષ. અંગેની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી વીજીલન્સ ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને કરવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૧૩–૬–૧૧ ના રોજ નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ નિર્ણય કે માહિતી મળેલ નથી. તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જેમાં અરજીના મુદ્દા નં.(૧) અમારી આરટીઆઈ ની અરજી આઈ.ડી નં.૧૩૭૮ માં જણાવેલ અરજી અંગે થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતિ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મુદ્દા નં.૧ અન્વયે વીજલન્સ વિભાગ તરફથી તપાસ કરી પત્ર નં.વીઆઈડી/૧૧૦ તા.૧૩–૪–૧૧ થી તથા પત્ર નં.વીઆઈડી/૩૦૪ તા.૭–૫–૧૧ થી કરેલી કાર્યવાહીની પૂરી માહિતી આપવામાં આવેલ છે તેવું જણાવેલ છે. તથા તેની નકલ અત્રે રજૂ કરેલ છે. મુદ્દા નં.(૨) લિંબાયતઝોન, તથા કલેકટરશ્રીની તપાસ સ્પષ્ટ વર્ણવે છે કે આ બાંધકામની દિવાલ તથા માટી પૂરાણ ગેરકાયદે છે (રાહૂલ રાજ ટેક્ષ. સીટીની) છતાં પત્ર નં.વીઆઈડી–૩૦૪ તા.૭–૫–૧૧ ધ્વારા જણાવો છો કે ફા. પ્લોટ હદ બહાર કોઈ દબાણ કરેલ નથી. તો પેનલ્ટી/ડીપોઝીટ કઈ ખુશીમાં વસુલ લિધેલ છે.તેની સંપૂર્ણ માહિતી, તથા લીંબાયતઝોન આ ગેરરીતીને કબુલ કરી ચુકયા છે તો આપ આવા તદ્દન પાયાવિહોણા અને ખોટા ખોટા નિવેદનો કરી માહિતી ખોટી પૂરી પાડો છો તો આપ ધ્વારા આ બીલ્ડર તથા ઉચ્ચ અધિકારીઓ ધ્વારા જે તે કૌભાંડ દબાવવા બાબતે થયેલ સમજુતીની સંપૂર્ણ માહિતી. જે તે મસમોટી રકમની લેવદેવ થઈ હોય તેની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મુદ્દા નં. ૨ અંગે વીજીલન્સ વિભાગના તા.૭–૫–૧૧ ના પત્રમાં જણાવેલ હકીકતે વીજીલન્સથી સબંધિત વિભાગોમાં તપાસ કરીને મળેલી મીહતીના આધારે માહિતી પૂરી પાડવામાં આવેલ છે તે સિવાયની આપેલ માંગેલ અન્ય માહિતી રેકર્ડ આધારીત ન હોય આવી કોઈ માહિતી નથી તેવું જણાવેલ છે. (૩) અમોએ મુળ અરજી આપને આપેલ છે તે સાથે

આ બાંધકામની ગેરરીતીઓ પુરાવા આપને આપેલ છે છતાં આ પુરાવા જોયા તપાસ્યાજ નથી અને તદ્દન ખોટા ખોટા જવાબો આપો છો તે આ ખોટા જવાબો આપવા થયેલ કૌંભાડ લેવડદેવડની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૩ માં જણાવેલ બાંધકામ અંગે તપાસ કરી વીજીલન્સ વિભાગ તરફથી પેરા નં.૧ મુજબ આપને માહિતી પૂરી પાડવામાં આવેલ છે તે સિવાય આપે માંગેલ અન્ય માહિતી રેકર્ડ આધારીત ન હોઈ આવી કોઈ માહિતી નથી તેવું જણાવેલ છે. (૪) અમારી અરજી આઈ ડી નં.૧૩૭૮ તા.૧૭–૩–૧૧ ની અરજી હોવા છતાં માહિતી ૭–૫–૧૧ એટલે કે પચ્ચાસ દિવસ પછી માહિતી તદ્દન ખોટી અને ભ્રષ્ટાચાર /કટકો અને કૌંભાડથી ખરડાયેલી આપી છે તેના કારણો પરીબળો તથા લેવડ દેવડની રકમ તારીખ સહિતની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મુદ્દા નં.૪ અન્વયે વીજલન્સ વિભાગ તરફથી તપાસ કરી ઉપલબ્ધ રેકર્ડના આધારે આંશિક માહિતી અત્રેના વિભાગ તરફથી તા.૧૩–૪–૧૧ ના રોજ અને બાકીની માહિતી તા.૭–૫–૧૧ ના રોજ તમોને આપવામાં આવેલ છે. આમ આપવામાં આવેલી માહિતી આરટીઆઈ એકટની સમય મર્યાદામાં આપેલ છે તે સિવાય આપેલ માંગેલ અન્ય માહિતી રેકર્ડ આધારીત ન હોય આવી માહિતી નથી તેવું જણાવેલ છે. (૫) તથા અમારી મુળ અરજીના અનુસંધાને તથા અમોએ ગેરરીતી અંગેના પુરાવાઓ આપેલ તે અનુસંધાને બિલ્ડર તથા આપના મિત્રો સહકર્મચારી/ અધિકારીઓ, ઉચ્ચ અધિકારીઓ વિરુધ્ધ થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતી કાર્યવાહી ન થઈ હોય તો બિલ્ડર તથા કર્મચારીઓને છાવરેલ છે તેની વિગતો કારણો તથા છાવરવાના કારણો,મજબુરીઓ, દબાણો , ઉપરીઅધિકારીઓના મૌખિક લેખિત હુકમો તથા ભ્રષ્ટાચારના પ્રોત્સાહન માટે તથા આ કૌભાંડ દબાવવા/છાવરવા માટે જે તે રકમ વસુલ લીધી હોય તેની તારીખ સહિતની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મુદ્દા નં.૫ અંગે ફકત આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડના આધારે માહિતી આપવાની રહે છે જે પેરા નં.૧ મુજબ તમોને માહિતી પૂરી પાડવામાં આવેલ છે તે સિવાયની આપેલ માંગેલ અન્ય માહિતી રેકર્ડ આધારીત ન હોય આવી કોઈ માહિતી નથી તેવું જણાવેલ છે. (૬) લીંબાયત ચીફ ઝોનલ આ ગેરરીતીને કબુલ કરી ચૂકયા છે તો આપ સુપ્રિમ કોર્ટના જડજની જેમ હદ બહાર કોઈ દબાણ થયેલ નથી તેવો ચૂકાદો આપી કલેકટરની તપાસને ખોટી ગણાવી રહયા છો અરજદારન જુઠ્ઠા સાબિત કરવાના પ્રયાસો કરી રહયા છો તેના તમામ કારણો/પાસાઓ આપની મજબુરીઓ પરીબળો/ કે ઉપરી અધિકારીઓના દબાણો સહિતની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૬ અન્વયે વીજીલન્સ વિભાગ તરફથી તપાસ કરી ઉપલબ્ધ રેકર્ડના આધારે આરટીઆઈ એકટ હેઠળ પેરા નં.૧ મુજબ તમોને માંગેલ માહિતી પૂરી પાડવામાં આવેલ છે તે સિવાયની આપે માંગેલ અન્ય માહિતી રેકર્ડ આધારીત ન હોય આવી કોઈ માહિતી નથી તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ માહિતી જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. આમ અરજદારે નહીં મળેલી માહિતી મળેલી માહિતી કરેલ અપીલ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. અત્રે એ પણ સૂચક છે કે અરજદારે મુદ્દા નં.૨ થી ૫ માં ધારણા અને અનુમાન આધારિત આક્ષેપ પૂર્ણ વિગતો રજૂ કરી માહિતી માંગેલ છે અને અપીલ તબકકે તે માટે આગ્રહ રાખેલ છે. એ પણ સૂચક છે કે તે માટે તેમણે કોઈ સમર્થન કે આધાર અપીલ તબકકે રજૂ કરેલ નથી તેથી તે માહિતી માંગણી કાયદાની જોગવાઈ સાથે સુસંગત નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૫–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૧

પ્રતિ,

(૧) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ,ક્રાંતિ ધર્મ, ૫૧૩, ગોલ્ડન પ્લાઝા,રીંગરોડ, કિન્નરી સિનેમા પાસે, સુરત....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારુ.